**ધોરણ -6 વિષય-** સમાજની શોધયાત્રા: ભારત અને તેનાથી આગળ (સા.વિ)

**તારીખ - ....../...../2026 ત્રિમાસિક કસોટી ઓગસ્ટ-2026 કુલ ગુણ- 40**

........................................................................................................................................................

**પ્રશ્ન-1 નીચે આપેલ પ્રશ્ન માટે યોગ્ય વિકલ્પ પસંદ કરી જવાબ આપો. ગુણ [10]**

1. **આપેલ આકૃતિ માં દર્શાવેલ કાલ્પનિક નગરના નકશામાં જો કોઈ વ્યક્તિ રેલવે સ્ટેશનથી નીકળીને ક્રમશઃ હોસ્પિટલ અને પછી બેંક જાય છે, તો તેણે કઈ મુખ્ય દિશાઓમાં મુસાફરી કરી હશે?**




(A) પૂર્વ અને ઉત્તર
(B) દક્ષિણ-પૂર્વ અને ઉત્તર-પૂર્વ
(C) દક્ષિણ અને ઉત્તર-પૂર્વ
(D પૂર્વ અને દક્ષિણ

2. **જો તમે નકશો બનાવી રહ્યા છો અને તમારે ચર્ચ બતાવવું છે તો તમે કઈ રૂઢ સંજ્ઞાનો ઉપયોગ કરશો?**

(A)  (B)  (C)  (D) 

3. **કોઈ નકશાના નિર્માણમાં જો પર્વતો, નદીઓ અને મહાસાગરો જેવી કુદરતી વિગતો જ દર્શાવવી હોય, તો તમે નીચેનામાંથી કયા પ્રકારના નકશાની પસંદગી કરશો?**
(A) રાજકીય નકશો (B) વિષય આધારિત નકશો (C) ભૌતિક નકશો (D) કાલ્પનિક નકશો

4. **પૃથ્વી પોતાની ધરી પર 24 કલાકમાં એક આખું ચક્કર (360°) પૂરું કરે છે. આ ગાણિતિક સંબંધના આધારે પૃથ્વી 1 કલાકમાં કેટલા ડિગ્રી (અંશ) રેખાંશ ખસશે?**
(A)10° (B)15° (C)30° (D)4°

5. **કયાં ગોળાર્ધમાં જમીનનું પ્રમાણ પાણી કરતાં વધુ જોવા મળે છે?**
(A) ઉત્તર ગોળાર્ધ (B) દક્ષિણ ગોળાર્ધ (C) પૂર્વ ગોળાર્ધ (D) પશ્ચિમ ગોળાર્ધ

6. **વિશ્વનો સૌથી મોટો અને સૌથી ઊંડો મહાસાગર કયો છે?**
(A) હિંદ (B) એટલાન્ટિક (C) પેસિફિક (D) આર્કટિક

7. **ઐતિહાસિક બાબતોનો તાગ મેળવવા જીવાશ્મ વિજ્ઞાનીઓ (Pelaeontologists) અશ્મિઓના રૂપમાં નીચેના માંથી કોના અવશેષોનો અભ્યાસ કરે છે?**
(A) પ્રાણીઓ (B) માનવો (C) વૃક્ષો (D) આપેલ તમામ

8. **જો ગૌતમ બુદ્ધનો અંદાજિત જન્મ 560 BCE માં થયો હોય, તો વર્ષ 2024 ના વર્ષથી ગણતરી કરતા તેમનો જન્મ કેટલા વર્ષ પહેલાં થયો હતો?**

(A) 1464 વર્ષ પહેલાં (B) 2583 વર્ષ પહેલાં (C) 2024 વર્ષ પહેલાં (D) 560 વર્ષ પહેલાં

**9. ધાતુશાસ્ત્રના વિકાસથી સૌથી વધુ કયું ક્ષેત્ર પ્રભાવિત થયું?**

**A.** સંગીત B. કૃષિ અને સાધનો C. ભાષા D. ચિત્રકલા

**10. આદિમાનવોના ગુફાઓના શૈલચિત્રો (Rock Paintings) માંથી આપણને શું માહિતી મળે છે?**

(A) આધુનિક વિજ્ઞાનની (B) તેમના જીવનના વિવિધ પાસાં, પ્રવૃત્તિઓ અને પ્રતીકોની

(C) વિદેશી વેપારની (D) ગ્રહો અને નક્ષત્રોની ગણતરીની

## પ્રશ્ન-2 ખાલી જગ્યા પૂરો. ગુણ [5]

1. લંડનના ગ્રીનિચ વિસ્તારમાંથી પસાર થતી 0° રેખાંશને **________** તરીકે ઓળખવામાં આવે છે.
2. લક્ષદ્વીપ ટાપુઓ _______ ના ઉપસાગરમાં આવેલા છે.
3. ગ્રેગોરિયન કેલેન્ડરમાં દર ચાર વર્ષે એક લીપવર્ષ હોય છે, જેમાં__________ દિવસ હોય છે.
4. સો વર્ષના સમયગાળાને એક __________ ગણવામાં આવે છે.
5. પ્રાચીન ભારતમાં ખગોળશાસ્ત્રીય ગણતરી માટે **________** શહેર કેન્દ્રસ્થાને હતું.

## પ્રશ્ન-3 યોગ્ય જોડકા જોડો. ગુણ [4]

| | |
|---|---|
| 1. ગ્રીનલૅન્ડ (Greenland) | **A.** બરફથી ઢંકાયેલો ખૂબ જ ઠંડો ખંડ |
| 2. એન્ટાર્કટિકા (Antarctica) | **B.** અરબી સમુદ્રમાં આવેલો ભારતીય દ્વીપસમૂહ |
| 3. લક્ષદ્વીપ (Lakshadweep) | **C.** વિશ્વનો સૌથી મોટો ટાપુ |
| 4. અંદમાન અને નિકોબાર | **D.** બંગાળના ઉપસાગરમાં આવેલો ટાપુ સમૂહ |
| | **E.** વિશ્વનો સૌથી મોટો ખંડ |

## પ્રશ્ન-4 ખરા-ખોટાં જણાવો. ગુણ [5]

1. ભારત દેશ 8° ઉત્તર અક્ષાંશથી 37° ઉત્તર અક્ષાંશ સુધી ઉત્તર ગોળાર્ધમાં વિસ્તરેલો છે.
2. મહાસાગરો એકબીજાથી સંપૂર્ણપણે અલગ અને સીમાબદ્ધ છે.
3. જો આપણે અત્યારે વર્ષ 2024 સા.સ. (CE) માં હોઈએ, તો 560 BCE માં જન્મેલા ગૌતમ બુદ્ધનો જન્મ આશરે 1464 વર્ષ પહેલાં થયો હતો તેમ કહી શકાય.
4. આદિમાનવના જીવનમાં સંચારની ભાષાઓ ભલે લુપ્ત થઈ ગઈ હોય, પરંતુ ગુફાચિત્રો (Rock Paintings) આજે પણ તેમના સામાજિક જીવનના મૌન સાક્ષી છે.
5. મહાસાગરો પૃથ્વીના ફેફસાં તરીકે કાર્ય કરે છે.

## પ્રશ્ન-5 નીચે આપેલ પ્રશ્ન માટે ટૂંકમાં જવાબ આપો. (કોઈપણ 4 ) ગુણ [8]

1. નકશામાં લીલો રંગ અને વાદળી રંગ સામાન્ય રીતે શું દર્શાવવા માટે વપરાય છે?

2.મહાસાગરો માનવ જીવન માટે કેવી રીતે ઉપયોગી છે?

3. આદિમાનવોએ પથ્થરની ગુફાઓ છોડી નદી કિનારે વસવાટ કરવાનું શા માટે શરૂ કર્યું?

4.પ્રારંભિક માનવ સમાજમાં આખા સમૂહના કલ્યાણ અને સામુહિક કાર્યોની જવાબદારી કોણ સંભાળતું હતું?

5.પૃથ્વીના ગ્લોબ પર કયા બે અક્ષાંશ બિંદુ સ્વરૂપે જોવા મળે છે?

**પ્રશ્ન-6 નીચે આપેલ પ્રશ્નોના સવિસ્તાર જવાબ આપો. (કોઈપણ બે) ગુણ [8]**

1. આંતરરાષ્ટ્રીય દિનાંતર રેખા વાંકી ચૂકી દોરવામાં આવી છે કારણ આપી સમજાવો.
2. એન્ટાર્કટિકા ખંડની ભૌગોલિક વિશેષતાઓ જણાવી, ત્યાં ચાલતા સંશોધન કાર્યમાં ભારત દેશના પ્રદાનની સમીક્ષા કરો.
3. નીચેનું ચિત્ર-અવલોકન કરી આદિમાનવના જીવન વિશે નોંધ કરો.

